**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૫/૮/૨૦૧૫ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૬૫૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૨૯૦ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઇગ્લીશ દારૂ, ૧૦૫૬ ઈંગ્લીશ ક્વાર્ટર દારૂ, ૨૮૮ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૫૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ/બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૬૫૫/૧૫**

**સોલા હાઈકોર્ટઃ** ઓગણજ વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષની તરૂણીએ તા.૧૪/૮/૧૫ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી પ્રવિણભાઈ મનુભાઈ તુલસીદાસ ચાવડા (રહે.ગામ બામણગામ તાલુકો માતર જીલ્લો ખેડા) તા.૨૬/૬/૧૫ નારોજ યુવતીના ઘર નજીકથી લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી તરૂણીને અપહરણ કરી ખંભાત-તારાપુર, ચોટીલા અંજાર-કચ્છ, અંકલેશ્વર અને સુરત લઈ જઈ તરૂણીની મરજી વિરૂધ્ધ અવાર-નવાર શરીર સંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ તા.૨૩/૭/૧૫ નારોજ સુરતથી બોરસદ ગયા ત્યારે લગ્નની વાત કરતા આરોપી પ્રવિણભાઈ ચાવડાએ પરણીત હોવાનુ જણાવી આ વાત કોઈને કહીશ નહી, નહીતર જાનથી મારી નાખીશ. તેવી ધમકી આપી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ એમ પટણી ચલાવે છે.

**નદીમાં ડુબી જતા મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૧૬૫૬/૧૫**

**રિવરફ્રંટ ઈસ્ટઃ** દિપેશ જાલમસિહ રાઠોડ (ઉ.વ.૧૨) (રહે.સંતોષીનગરના છાપરાં કુબેરનગર) તા.૧૪/૮/૧૫ કલાક ૬/૦૦ વાગ્યા પછી કોઈપણ સમયે કોતરપુર સાબરમતી નદીમાં નાહવા જતા નદીમાં ડુબી જતા તેનું મૃત્યુ નિપજ્યું હતુ. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણભાઈ ગણપતભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)